



## ડીસા નજીકની ભોપાનગર રેલવે ફાટકે ઓવરબ્રિજની માંગ

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાંથી પાટણ જિલ્લો અને સૌરાષ્ટ્ર -કાઠિયાવાડને જોડતો એકમાત્ર નેશનલ હાઈવે નં. ૨૬ પસાર થાય છે. જે હાઈવે ઉપર રાત- દિવસ વાહનોનો ભારે ઘસારો રહે છે પરંતુ હાઈવે ઉપર ડીસાના ભોપાનગર પાસે આવેલી રેલવે ફાટક મુસાફરો, વાહન ચાલકો સહિત આમ પ્રજા માટે માથાનો દુખાવો બની ગઈ છે. અવારનવાર ફાટક બંધ રહેતી હોવાના કારણે ફાટકની બંને સાઈડે વાહનોનો લાંબી લચક લાઈનો લાગી જાય છે. જેથી ટ્રાફિક ચક્કાજામ થતા મુસાફરો અને વાહન ચાલકોને કલાકો સુધી ટ્રાફિકમાં અટવાવું પડે છે. તેમાં પણ ઘણી વખત બે બે ટ્રેન કે માલગાડીની આવન જાવનથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠે છે. ટ્રેન કે માલગાડી નીકળી ગયા પછી પણ ફાટક ખોલવામાં થતો વિલંબ અસહ્ય થઈ પડે છે. અધૂરામાં પૂરું, ફાટક ખુલતા જ વહેલા નીકળી જવાની હોડમાં બંને બાજુથી વાહનો સામસામે આવી જતા સમયનો ભારે દુર્વ્યય થાય છે. તેમાં પણ ઈમરજન્સી કેસના બીમાર દર્દીનું તો આવી જ બને છે. હાલમાં રેલવેની ડબલ લાઈન થતા માલગાડી અને ટ્રેનો વધી પડી છે તેથી આમ પ્રજાની હાડમારીઓ પણ વધી પડી છે. અહીં ઓવરબ્રિજ બનાવવા વર્ષોથી જાગૃત નાગરિકો અને સરપંચો દ્વારા વારંવાર રજૂઆતો કરાય છે.ચૂંટણીઓમાં પણ ફાટકનો પ્રશ્ન ચમકે છે તેમછતાં અતિ જરૂરી અને પ્રજાની વ્યાજબી રજુઆત રેલવેના બાબુઓ કાને ધરતા નથી. તેથી આમ પ્રજામાં રોષ સાથે આક્રોશની લાગણી છવાઈ છે.

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૬૯૫ કેસ

અમદાવાદ, તા. ૮

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૬૯૫ કેસ નોંધાયા છે. જેની સામે ૨૧૨૨ દર્દીઓ સાજા થયા છે. કોરોનાથી સાજા થનાર દર્દીઓની સંખ્યામાં સતત વધારો યથાવત્ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૧ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૯૯૫૫ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૯૮ ટકા છે. અત્યાર સુધીમાં ૧,૮૯,૧૪,૬૪૩ વ્યક્તિઓને કોરોના વેક્સીન આપવામાં આવી છે. આજે કુલ ૨,૫૮,૭૯૭ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

રાજ્યમાં નવા કોરોના વાયરસ કેસમાં અમદાવાદમાં ૧૧૩, સુરતમાં ૧૧૯, વડોદરામાં ૧૧૪, રાજકોટમાં ૫૧, જૂનાગઢમાં ૪૧, જામનગરમાં ૩૦, ગીર સોમનાથમાં ૨૩, આણંદમાં ૨૧, મહેસાણામાં ૧૯, ભરૂચમાં ૧૮, નવસારીમાં ૧૬, અમરેલી, પંચમહાલ, ગાંધીનગરમાં ૧૨-૧૨, કચ્છ, સાબરકાંઠામાં ૧૧-૧૧, વલસાડમાં ૧૦ સહિત કુલ ૬૯૫ કેસ નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૧૧ દર્દીઓના મોત થયા છે. અમદાવાદમાં ૩, સુરતમાં ૩, જામનગરમાં ૨ જ્યારે વડોદરા, ભરુચ, અમરેલીમાં ૧-૧ દર્દીઓના મોત થયા છે. બીજી તરફ અમદાવાદમાં ૨૪૨, સુરતમાં ૧૭૮, વડોદરામાં૫૪૧, રાજકોટમાં ૩૭, જામનગરમાં ૨૭૩, કચ્છમાં ૧૮૮, મહેસાણામાં ૮૧, જૂનાગઢ, વલસાડમાં ૫૧-૫૧, ગીર સોમનાથ, ભરુચમાં ૪૯-૪૯, નવસારીમાં ૪૭, અરવલ્લીમાં ૪૪ સહિત કુલ ૨૧૨૨ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૪૭૨૪ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૩૫૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૪૩૭૩ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૯૩૦૨૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# દાંતાના હડાદ ગામે ગેરકાયદે પ્રેક્ટિસ કરતો તબીબ ઝડપાયો

### કોઈપણ પ્રકારના સર્ટિફિકેટ કે ડીગ્રી વગર એલોપેથીની સારવાર : તબીબ પાસેથી દવા સહિત ૬૭,૮૯૭નો મુદ્દામાલ જપ્ત

દાંતા તાલુકાની હડાદ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન ભાડેથી દુકાન રાખી ખાનગી દવાખાનુ ચલાવતાં બોગસ ડોકટરને ઝડપી પાડ્યો છે. પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે, હડાદ ગામે એક દુકાન ભાડે રાખી ઈસમ કોઈપણ પ્રકારના સર્ટીફીકેટ કે ડીગ્રી વગર તબીબી પ્રેક્ટીસ કરે છે. જેથી તાત્કાલિક પંચો સાથે રાખી રેઈડ કરી ઈસમને ઝડપી પાડી દવાઓ અને મેડીકલ સાધનો સહિત કુલ કિ.રૂ.૬૭,૮૯૭નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સાથે ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

બનાસકાંઠા એસપી તરૂણ દુગ્ગલે જીલ્લામાં બોગસ ડોકટરો સામે કાર્યવાહી કરવા સુચના આપેલ છે. જે અનુસંધાને હડાદ પીએસઆઇ આર.એમ.કોટવાલ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે હડાદ ગામે દાંતા રોડ પર શીવરામભાઈની દુકાન ભાડે રાખી ખાનગી દવાખાનું ચલાવતાં અમૃતભાઈ રેશમાભાઈ રોઈશાને ઝડપી પાડ્યો હતો. જેની પાસેથી તબીબી પ્રેક્ટીસ માટેનું સર્ટીફીકેટ કે ડીગ્રી નહીં મળતાં તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ સાથે દવાઓ સહિતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા કેટલાંક દિવસથી સતત બોગસ ડોક્ટરો ઝડપાઈ રહ્યા છે. હડાદ ગામેથી ઝડપાયેલા બોગસ ડોક્ટર પાસેથી દવાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે કાર્યવાહી દરમ્યાન એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શનો સહિત કુલ કિ.રૂ.૬૭,૮૯૭નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે ઈસમ વિરૂધ્ધ આઈપીસી ૪૧૯ અને ધી ગુજરાત મેડીકલ પ્રેક્ટિશ એક્ટની કલમ ૩૦, ૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પ્રાંતિજ ખાતેથી દારૂ પીધેલી હાલતમાં ઈસમને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ભાંખરીયા ટેકરા પાસેથી જાહેરમાં દારૂ પીને જાહેરમા લથડીયા ખાતો બકવાસ કરતા એક ઈસમની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ટાઉન વિસ્તારમા પેટ્રોલીંગ મા હતી ત્યારે ભાંખરીયા ટેકરા પાસેથી પ્રસાર થઈ રહી હતી ત્યારે ભાંખરીયા ટેકરા ઉપર એક ઈસમ દારૂ પીધેલી હાલતમાં જાહેર માં લથડીયા ખાઈ બકવાસ કરતો હોય જેને પ્રાંતિજ પોલીસ દ્વારા કોર્ડન કરી પકડી તેનું નામ પુછતા પોતાનું નામ વિકીભાઈ રમેશભાઈ વાઘેલા ઉ.વર્ષ-૩૮ રહે. ભાંખરીયા ટેકરા પ્રાંતિજ, જી.સાબરકાંઠાને પ્રાંતિજ પોલીસ દ્વારા ઝડપી પાડ્યો હતો.





ગાંધીનગરનાં લેકાવાડા પાસે સીમા સુરક્ષા દળના ગુજરાત ફંટિયર એકમ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસને અનુલક્ષીને બીએસએફના આઈજી જીએસ મલીક તથા તેમના ધર્મપત્ની શ્રીમતી સવિતા મલિક સહિત અધિકારીઓ તથા બીએસએફના જવાનો દ્વારા મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બીએસએફના ગુજરાત ફ્ન્ટીયરના એકમ દ્વારા કુલ પાંચ હજાર વૃક્ષોને જતનપૂર્વક ઉછેરવાનું નિર્ધાર કરવામાં આવ્યો છે.





## પ્રાંતિજના બોભા દુધ મંડળીમા તસ્કરો ત્રાટક્યા : વીસ લાખના ફિક્સ ડિપોઝિટના સર્ટી, રોકડ રકમની ચોરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોભા દુધ મંડળીમા રાત્રીના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા દુધ મંડળીના તાળા તોડી ૨૦ લાખના ફિક્સ ડિપોઝિટ સર્ટીફિકેટ સહિત રોકડ રકમની ચોરી કરી પલાયન થતા પોલીસ ફરિયાદ થઈ તો ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામા કેદ થઈ. પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે રાત્રીના સમયે બોભા ખાતે આવેલ દુધ મંડળી અજાણ્યા તસ્કરો દ્વારા દુધ મંડળીના તાળા તોડી અંદર પ્રવેશ કરી દુધ મંડળીમા રહેલ તીજોરીના તાળા તોડી તીજોરીમાં રહેલ રોકડ ૩૨,૬૨૭ તથા ૨૦ લાખના ફિક્સ ડિપોઝિટના સર્ટી સહિત સિક્કા લેટરપેડ સહિતની ચોરી કરી કાગળોને રફેદફે કરી દીધા હતા તો આ અંગેની જાણ દુધ મંડળીના ચેરમેન સહિત સ્ટાફને થતા પ્રાંતિજ પોલીસને જાણ કરવામા આવી હતી તો ચોરીની સમગ્ર ઘટના દુધ મંડળી મા લાગેલ સીસીટીવી કેમરા મા કેદ થઈ હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા હાલતો ગુનો નોંધી સીસીટીવી કેમેરાની મદદથી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજના પીલુદાના ખેડુત સાથે છેતરપીંડી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પીલુદાના ખેડુત સાથે લાઈફ પેન્શન પ્લાન પોલીસી પ્રીમિયમ ભરવાનુ કહીને ૨૨,૫૧૫ સરકી લેતા ખેડુત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં બે અજાણ્યા મોબાઈલ નંબર તથા એક બેંક એકાઉન્ટ નંબર માલિક સહિત કુલ-૩ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

યંત્ર યુગમા ઝડપી કામ માટે ઓનલાઈન સુવિધાઓ જાણે હાલતો લોકો માટે સુખાકારીની સાથે દુખાકારી બની છે અને રોજબરોજ ઓનલાઈન સહિતની છેતરપીંડી સહિતના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ફરી યંત્ર યુગની ઓનલાઈન સુખાકારીમા પ્રાંતિજના પીલુદાના ખેડુત રામાજી બાલાજી મકવાણા ઉ.વર્ષ-૩૯ રહે. સાંપડ રોડ પીલુદાના યુવાન ખેડુત સાથે થઈ છે જેમા ફરીયાદી ખેડુત પોલીસ નં-૧૮૪૦૪૫૩૧નુ પ્રિમિયમ ભરેલ ના હોય જે માટે ગઠીયાઓ દ્વારા પોતાની તરકીબ અપનાવી મોબાઈલ નં-૮૫૦૬૮૬૫૨૭૨ ઉપર થી ફોન કરી તમારી પોલીસીનુ પીમીયમ ભરીદો નહી તો તમારી પોલીસી બંધ થઈ જશે તેમ કહી વિશ્વાસ માં લઈ ને મોબાઈલ નંબર -૯૮૬૧૭૮૦૦૨૫ થી ફોન કરી મોબાઈલ મા ટેક્સ મેસેજ થી એકાઉન્ટ નંબર તથા IFSC કોર્ડ તથા બેંકનુ નામ ફોન પે એપ્લીકેશનથી ખેડુત પાસેથી ૨૨,૫૧૫ એકાઉન્ટ નંબર ૨૫૯૩૩૬૯૦૦૦૦૦ મા ટ્રાન્સફર કરાવી ખેડુત સાથે વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરતા ખેડુત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બે મોબાઈલ નંબર સહિત એક બેંક એકાઉન્ટ નંબર સામે ગુનોનોધયો હતો તો પ્રાંતિજ પોલીસ દ્વારા બે મોબાઈલ નંબર સહિત એક એકાઉન્ટ નંબર વિરૂધ્ધ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# નર્સિંગ સ્ટાફની હડતાળની ચિમકીથી સરકાર ચિંતિત

### કોરોના વોરિયર્સ સરકારથી નારાજ કેમ થઈ રહ્યા છે?: ભથ્થું, સ્ટાઇપેન્ડ સહિતના મુદ્દાને લઇ અચોક્કસ મુદતની હડતાળ પર નર્સિંગ સ્ટાફ ઉતરવા માટે તૈયારી બતાવી છે

અમદાવાદ,તા.૮

રાજ્યમાં નર્સિંગ સ્ટાફે હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે ભથ્થું, સ્ટાઈપેન્ડ સહિતના મુદ્દાને લઈ અચોક્કસ મુદતની હડતાળ પર નર્સિંગ સ્ટાફ ઉતરવા માટે તૈયારી બતાવી છે. આગામી ૧૪મી જૂથીથી રાજ્યની તમામ સરકારી હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ આ હડતાળમાં જોડાશે. જેમાં ૧૮ હજારથી વધુ નર્સ અને નર્સિંગના વિદ્યાર્થીઓ આ હડતાળમાં ભાગ લેશે. મહત્વનું છે કે નર્સિંગ સ્ટાફે પગાર ભથ્થું, સ્ટાઈપેન્ડ સહિત વિવિધા મુદ્દાઓ પર સરકારને ૨૫મી મે એ રજૂઆત કરી હતી પરતું હજુ સુધી એક પણ માંગણી માટે લેખિતમાં નિર્ણય ન કરાતા અંતે રાજયની તમામ સરકારી હોસ્પિટલોનો નર્સિંગ સ્ટાફ ૧૪મી જૂનથી અચોકકસ મુદતની હડતાળની ચીમકી ઉચ્ચારી છે. હાલ રાજ્યમાં કોરોના કેસ ઘટી રહ્યા છે કોરોના ઘટતા હવે હોસ્પિટલોમાં અન્ય રોગોની સારવાર અને ઓપરેશનો શરૂ થયા છે ત્યારે નર્સિંગ સ્ટાફની હડતાળથી સરકારની મુશ્કેલી વધી શકે છે. યુનાઈટેડ નર્સિસ ફોરમની ગઈ કાલે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી જેમાં સરકાર સામે ફરી એકવાર ફરી આંદોલન શરૂ કરવાની માંગ કરાઈ હતી. ઉચ્ચતર પગાર ધોરણ, ગ્રેડ પે, વિવિધ પ્રકારના એલાઉન્સિસ તેમજ નર્સિંગની વિદ્યાર્થિનીઓને સ્ટાઈપેન્ડ સહિતની વિવિધ માંગણીઓને લઈને યુનાઈટેડ નર્સીંગ ફોર્મ દ્વારા ઘણા સમયથી રજૂઆતો કરવામા આવી રહી હતી ત્યારે સરકારે કોઈ નિર્ણય ન કરતા ગત મહિને નર્સિંગ સ્ટાફ હડતાળ પર બેઠો હતો પરંતુ કોરોનાના કેસ વધવા સાથે દર્દીઓ હોસ્પિટલોમા વધુ હોવાથી અને વાવાઝોડુ પણ હોવાથી સરકારે નર્સિંગ એસો.ના હોદેદારોને સમજાવ્યા હતા જે બાદ હડતાળ મોકુફ કરી દેવાઈ હતી. યુનાઈટેડ નર્સિંગ ફોરમના સેક્રેટરીએ જણાવ્યું કે સરકારે અમારી સાથે વાત કરતા અમને માનવતાના ધોરણે હડતાળ મોકુફ કરી હતી અને ત્યારબાદ ૨૫મી મેની બેઠકમાં તમામ માંગણીઓ મુદ્દે ચર્ચા કરવામા આવી હતી અને સરકાર તરફથી મોટા ભાગની માંગણી બાબતે હકારાત્મક વલણ સાથે લાભો આપવાની ખાત્રી આપવામા આવી હતી.

જો કે દસ દિવસ બાદ પણ સરકાર તરફથી કોઈ પણ માંગણી બાબતે લેખિત નિર્ણય ન કરાતા નર્સિંગ એસો.એશને હડતાની ચીમકી ઉચ્ચારી છે. યુનાઈટેડ નર્સિંગ ફોરમ નર્સિંગ સ્ટાફ સાથે અન્યાય થતા હોવાનું જણાવી રહ્યું છે. સરકારે સરકારી કોલેજ મેડિકલ ટીચર્સ, જીએમઈઆરએસ ટીચર્સ તેમજ જીએમઈઆરએસ નર્સિંગ સ્ટાફ ઉપરાંત રેસિડેન્ટ ડોક્ટરો ઉપરાંત ડેન્ટલ,આયુર્વેદ-હોમિયોપેથી-ફિઝિયોથેરાપી માટે પણ માંગણીઓ સ્વીકારી તેઓને લાભ આપ્યા છે .માત્ર નર્સિંગ સ્ટાફને કોઈ લાભ અપાતો નથી અને નર્સિંગ સ્ટુડન્ટને સ્ટાઈપેન્ડ પણ અપાતુ નથી.જેથી હવેના છુટકે ૧૪મીથી ઓચોક્કસ મુદતની હડતાળ પાડવામા આવશે. જેમાં અમદાવાદ સિવલ સહિતની રાજ્યની તમામ સરકારી હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ અને જીએનએમ-એએનએમ નર્સિંગ સ્ટાફ સહિત ૧૮ હજારથી વધુ નર્સ જોડાશે.

## બહેનના લગ્નમાં વતન આવતા યુવકને રસ્તામાં કાળનો ભેટો

સમી તાલુકાના બાસ્પા ગામે અકસ્માતની દર્દનાક ઘટના સામે આવતા પંથકમાં શોકનો માહોલ સર્જાયો છે. અમદાવાદથી બહેનના લગ્ન હોઈ ઘરે આવતા ભાઈને કાળ ભરખી જતા પરીજનો માથે આભ ફાટ્યુ છે. મૂળ દિયોદરના ધ્રાંડવડા ગામનો યુવક બહેનના લગ્ન હોઈ અમદાવાદથી વતનમાં આવતો હતો. આ દરમ્યાન બાસ્પા ગામ નજીક બેફામ સ્પિડે આવતાં ટ્રેલરે અડફેટે લેતાં આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ. સમગ્ર મામલે મૃતકના પિતાએ ટ્રેલર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે.

પાટણ જિલ્લાના સમી તાલુકાના બાસ્પા નજીક અકસ્માતની ઘટનામાં આશાસ્પદ યુવકનું મોત થયુ છે. મૂળ દિયોદર તાલુકાના ધ્રાંડવડા ગામનો ભાવિનભાઈ રાવતભાઈ લુદરીયા (પરમાર) બહેનના લગ્ન હોઈ અમદાવાદથી વતનમાં આવવા વહેલી સવારે બાઈક લઈને નિકળ્યો હતો. આ દરમ્યાન સમી તાલુકાના બાસ્પા ગામ નજીક બેફામ ટ્રેલરે બાઈકને ટક્કર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતું.

# ડીસાના તેરમીનાળા વિસ્તારમાં સામાન્ય બાબતે તલવાર વડે હુમલો

### ૩ આરોપી વિરુદ્ધ પોલીસ ફરીયાદ દાખલ

ડીસાના તેરમીનાળા વિસ્તારમાં ત્રણ ઈસમોએ સામાન્ય બાબતની અદાવત રાખી એક યુવક ઉપર તલવાર વડે હુમલો કર્યો હતો જેથી ઈજાગ્રસ્ત યુવકે ઉત્તર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની ફરિયાદની વિગતો જોતા ડીસાના તેરમીનાળા વિસ્તારમાં રહેતા મનોજ ચપકલાલ ઠાકોર ગત મંગળવારે પોતાના ઘર આગળ ઉભા હતા તે દરમિયાન પ્રકાશ અમરતભાઈ રાવળ , અરવિંદ માલાભાઈ રાવળ અને શ્રવણ માલાભાઈ રાવળ મોટરસાયકલ લઈ ત્યાં આવેલા અને મનોજભાઈને કહેવા લાગેલ આજથી ત્રણ દિવસ અગાઉ તું કેમ અમને ગાળો બોલેલો ? જેથી મનોજભાઈએ કહેલ કે તમે અવાર નવાર દારૂ પીને આવો છો અને મહોલ્લામાં ઝગડા કરો છો ? તેમ કહેતા ત્રણ જણા એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ગાળો બોલવા લાગેલ.જેથી મનોજભાઈએ ગાળો બોલવાની ના પાડતા શ્રવણ રાવળેતેના હાથ માની તલવાર મનોજભાઈના હાથ ઉપર મારેલ અને પ્રકાશ અને અરવિંદે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે પીડિત મનોજભાઈ ઠાકોરે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમ હેઠળ ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ પોલીસ દ્વારા માસ્ક વગર ફરતા પ્રાંતિજના ઈસમ સામે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

### પ્રાંતિજનો ઇસમ માસ્ક વગર ફરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી : સિનેમા રોડ પાસે એક ઈસમને જાહેરમાં માસ્ક પહેર્યા વગર ફરતો હોય પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ દ્વારા સિનેમારોડ પાસે થી જાહેર મા માસ્ક પહેર્યા વગર ફરતો પ્રાંતિજ ના ઈસમ સામે ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી .

હાલ કોરોના ના વાયરસ ને લઈ ને કોવિડ-૧૯ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે ભારત મા પણ કોરોના વાયરસ ના કેસો નોંધાયા છે ત્યારે હાલમા પ્રાંતિજ શહેર તેમજ તાલુકાના ગામડાઓમા પોઝીટીવ કેસો આવેલ હોઈ જે અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા હિંમતનગર ના ઓએ જાહેરનામુ પ્રસિદ્ધ કરી જાહેર જગ્યાએ માસ્ક પહેર્યા વગર ફરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવા કહેલ હોય જેમા પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના સિનેમારોડ પાસે પેટ્રોલીંગ મા હતી તે સમયે એક ઈસમ જાહેર મા માસ્ક પહેર્યા વગર હરતો ફરતો હોઈ તેનુ નામ સચીન કુમાર રાજુભાઈ વાધરી રહે.સિનેમારોડ પ્રાંતિજ , તા.પ્રાંતિજ , જી.સાબરકાંઠા પ્રાંતિજ પોલીસ દ્વારા સિનેમારોડ બાજુ પેટ્રોલીંગ મા હતી તે દરમ્યાન આ ઈસમ વગર માસ્ક પહેરેલ જાહેર મા મળી આવતા જાહેર નામાનો ભંગ બદલ તેની વિરૂધ્ધ ગુનોનોધી આઈપીસીકલમ-૧૮૮ તથા ધી એપેડેમિક ડિસીઝ એકટ ની કલમ-૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની કલમ-૫૧ (બી) મુજબ ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિપક્ષના નેતાની પસંદગીમાં રાજસ્થાન સરકારનો રોલ રહેશે

અમદાવાદ,તા.૮

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને વિપક્ષના નેતાની અને પ્રભારીની પસંદગી માટે હાલ દિલ્હીમાં ભારે મનોમંથન ચાલી રહ્યું છે. હાલ કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકીએ દિલ્હીમાં ધામા નાંખ્યા છે. હાલ કોંગ્રેસ માટે ગુજરાતમાં વિપક્ષ અથવા પ્રમુખ પદની પસંદગીનો પ્રશ્ન મોટો છે. જોકે, ભરતસિંહ સોલંકીએ દિલ્હી દરબારમાં ઓબીસી નેતાની પસંદગી પર જોર મૂક્યો છે. ગુજરાતમાં વિપક્ષ અથવા પ્રમુખ પદની પસંદગી માટે હાલ અનેક નેતાઓના નામ ચર્ચામાં છે. પ્રમુખ પદ માટે અર્જુન મોઢવાડીયા અને પ્રભારી પદે અવિનાશ પાંડેનું નામ આ ચર્ચામાં મોખરે છે. અર્જુન મોઢવાડીયા ઓબીસી નેતા છે. આ રેસમાં ત્રીજુ નામ પૂંજાભાઈ વંશનું છે. જેઓ વર્ષ ૨૦૨૨ ની વિધાનસભાની ચુંટણીમાં કોળી મત અંકે કરવામાં સફળ રહ્યા હતા. આમ, વિપક્ષના નેતા તરીકે પૂંજાભાઈ વંશનુ નામ પણ મોખરે છે. જોકે, આ ત્રણેય નેતાની પસંદગીમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતની મહત્વની ભૂમિકા રહેશે. આ ઉપરાંત પ્રદેશ અધ્યક્ષ અને વિપક્ષ નેતા સૌરાષ્ટ્ર ઝોનમાંથી બને તો ભૌગૌલિક સમીકરણ જાળવવા કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષની થિયરી અજમાવી શકે છે. આ ઉપરાંત હાર્દિક પટેલના કાર્યકરી અધ્યક્ષ યથાવત રહેવાની પ્રબળ સંભાવના છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી કોઈ બે નેતાને કાર્યકારી અધ્યક્ષ બનાવી શકાય છે. ઉલ્લેખનીય છે કે, રાજયમાં અગામી વર્ષે વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે. જેને ધ્યાનમાં રાખી ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી સક્રિય બન્યા છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તથા વિધાનસભાના વિરોધપક્ષના નેતાના પદ માટે લોબીગ શરૂ કર્યુ છે. દિલ્હી દરબારમાં આ અંગે મંથન ચાલુ થયુ છે. ત્યાં ભરતસિંહે દિલ્હીની વાટ પકડતાં રાજકારણ ગરમાયુ છે. ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં કારમી હારની જવાબદારી સ્વીકારી ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિરોધપક્ષના નેતા પદેથી પરેશ ધાનાણીએ રાજીનામુ આપ્યુ હતું. ગુજરાત કોંગ્રેસના પ્રભારા રાજીવ સાતવ કોરોનામાં સપડાયા અને તેમનુ અવસાન થયુ હતું. રાજયમાં વિધાનસભાની ચુંટણીઓને આડે હવે માત્ર દોઢ વર્ષનો સમયગાળો બાકી છે ત્યારે ગુજરાત કોંગ્રેસના મુખ્ય ત્રણેય પદ ખાલી છે. જેના માટે લોબીગંની શરૂઆત થઈ ગઈ છે.

## દિલ્હીમાં મુલાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી સાથે મુલાકાત બાદ ઉદ્ધવ ઠાકરેની અચાનક મુલાકાત બાબતના સવાલ પર તેમણે જણાવ્યુ હતું કે જો તેઓ વડાપ્રધાન સાથે મળવા માંગે છે. તેમાં ખોટું શું છે? તેઓ કોઈ પરવેજ મુશર્રફ કે નવાઝ શરીફ તો નથી. ઉદ્ધવે વધુમાં કહ્યું હતું કે અમે ભલે તેમનાથી અલગ છીએ પરંતુ તેમની સાથે અમારા સંબંધ પહેલા પણ રહ્યા છે.

મરાઠા અનામત મુદ્દે રાજ્ય સરકારના અશોક ચૌહાણે જણાવ્યુ હતું કે આનામત મામલે રાજ્યો કરતાં વધુ શક્તિ કેન્દ્ર પાસે છે, એવામાં કેન્દ્ર સરકારે આ મુદ્દે આગળ આવીને પગલાં ભરવા જોઈએ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ તમામનો પક્ષ રાખવો જોઈએ. કોરોનાની મુશ્કેલી હોય કે વેક્સિનેશન બાબત, જીએસટી કલેકશનની વાત હોય કે પછી મરાઠા અનામત પર હાલમાં જ આવેલા સુપ્રીમ કોર્ટના નિર્ણય સહિત બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે.

પ્રેસ કોન્ફરન્સમાં ડેપ્યુટી સીએમ અજિત પવારે જણાવ્યુ હતું કે અનામત મુદ્દો માત્ર મહારાષ્ટ્રનો જ નથી, પરંતુ દેશભરનો છે, આ ઉપરાંત જીએસટી બાબતે કહ્યું હતું કે અમારા ૨૪ હજાર કરોડ રૂપિયાનો હિસ્સો અમને મળવાનો બાકી છે, તે વહેલી તકે અમને આપવામાં આવે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧